॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૮ ઓગષ્ટ ૧૯૮૭ અંક ૨


# વાલીઓને,

## જરૂર છે નૈતિક હિંમતની

આપણે નવા વર્ષમાં 'શારદ'ના માધ્યમથી પહેલીવાર મળીએ છીએ. આપને ગયા વર્ષનો 'શારદ'નો છેલ્લો અંક વાર્ષિક પરિણામ સાથે મળ્યો, તે આપે વાંચ્યો હશે. તેમાં કાચી ઉંમરના બાળકોમાં નૈતિક હિંમત હોય તે કદાચ વધુ પડતી અપેક્ષા રાખવા જેવું ગણાય એવું મેં જણાવેલું, પણ સામાન્ય બાબતમાં પણ કેટલાંક—કદાચ ગણ્યા ગાંઠ્યા વાલીઓમાં તેનો અભાવ દેખાય તેથી દુઃખ થાય છે.

એક બે દાખલા આપી વાત સ્પષ્ટ કરું. પરિણામ મોકલ્યા પછી એક પત્ર આવ્યો." તમે પરિણામ મોકલ્યું તેમાં વધારાની ત્રીસ પૈસાની ટિકિટ લગાવી પણ અમારે એક રૂપિયો 'ડયુ'નો ભરવો પડયો" પરંતુ પત્ર લખનારનું નામ લખ્યું નહોતું, કદાચ અમારી ટીકા બદલ અમારો ખોફ વહોરવો પડે તેથી? બે ચાર મિત્રોના પણ ફોન આવ્યા કે એમને 'ડયુ' ભરવુ પડયું. એમને અમે સમજાવ્યું કે અમે તો પત્રિકા અને પરિણામ સાથે વજન કરાવ્યું હતું અને ટપાલખાતાએ ત્રીસ પૈસાની ટિકિટ લગાવવી પડશે તેવું જણાવેલું. અમે એ પણ જણાવ્યું કે પંદરસો જેટલી ત્રીસ પૈસાની ટિકિટ મેળવતા કેટલી મુશ્કેલી પડી હતી. પત્ર લખનાર વાલીએ રૂપિઓ 'ડયુ'નો ભર્યો એ ઉપરાંત અમને ટિકિટ લગાવેલો પત્ર લખ્યો તેનો ખર્ચ વધારાનો કર્યો. તે પાછળ આ અનિયમિતતા તરફ ધ્યાન દોરવાનો જ ભાવ હતો તે સ્પષ્ટ હતું; તો એમણે પોતાનુ નામ આપી આ જણાવ્યુ હોત તો એમને અમે હકીકતની સમજ આપી શકયા હોત. આવું જ અહિંથી જતા સાહિત્યના જોડણીદોષનું છે. ત્રણ ત્રણ ચાર ચાર પ્રુફ પછી 'પ્રિન્ટ ઓર્ડર' આપવા છતાં છાપભૂલ આવે છે એ અમારા માટે પણ મુંઝવણની બાબત છે, પરંતુ પ્રેસની મર્યાદાને કારણે આ ચલાવીએ છીએ. જોડણી અંગે નામ ઠામ જણાવ્યા સિવાય પત્ર લખનારને અમે શું સમજાવીએ?

વાલીઓ જાગૃત હોય તેનું અમને ગૌરવ છે. એટલું જ નહીં પણ સારા શાળા સંચાલન માટેનું એ ચાલકબળ છે એમ અમે માનીએ છીએ. કેટલાંય વાલી મુક્તમને કેટલીય બાબતોની ચર્ચા કરે છે અને તેમ કરીને અમારી વાત સમજાવવાની અમને તક મળે છે પરંતુ ભયના માર્યા પત્ર લખનારને માટે તો તેની દયા ખાઇને પત્ર ફાડી નાખ્યા સિવાય ઉપાય શો? આપણો ઉદ્દેશ તો બાળકનો વિકાસ કરવાનો એક સરખો છે ને? તો પછી નૈતિક હિંમત જોઇશે જ.

દિનુભાઇના વંદન

## જાદુકલા

જાદુકલા એ કોઇ મંત્ર–તંત્ર નથી પરંતુ હાથની કુશળતાની કલા છે. આજે દુનિયાભરમાં જુદા જુદા જાદુગરો જોવા મળે છે. ભારતના જાદુઓએ જગતમાં નામ મેળવેલું છે.

મોગલ બાદશાહ જહાંગીરના સમયમાં રોપટ્રીક જાણીતી હતી. આ જાદુએ દુનિયામાં ઘણું આશ્ચર્ય જગાવ્યું હતું આમાં સ્ટેજ પર દોરડાનું એક ગૂંચળું મૂકવામાં આવતું. જાદુગર એને આપોઆપ ઊંચે ને ઊંચે ઉઠાવતો.

લોઢાના થાંભલાની જેમ એ દોરડું આપમેળે ઊંચે ચડતું જતું, પછી જાદુગર એના પર ચડી અદૃશ્ય થઈ જતો. થોડીવારે ઉપરથી એના શરીરના છુટ્ટા છુટ્ટા અંગો નીચે પડતા અને ટુંક સમય પછી એ પોતે દરવાજામાંથી સાજો સારો પ્રવેશ કરતો.

આજે દુનિયામાં અનેક જાદુગરો છે. આખી દુનિયામાં એક લાખથી વધુ જાદુગરો છે. આપણા ભારત દેશમાં બે હજારથી વધુ જાદુગરો છે. પરંતુ આ રોપ ટ્રીકનો જાદુ ભૂલાઈ ગયો છે. રસ્સી વિદ્યા અદૃશ્ય થઇ ગઇ છે.

અમેરિકામાં આઈ. બી. એમ નામની જાદુગરોની સૌથી મોટી સંસ્થા છે. એનું આખું નામ છે "ઈન્ટરનેશનલ બ્રધર હૂડ ઓફ મેજિશિયન"–આ સંસ્થાએ રોપ ટ્રીક કરે એને મોટું ઇનામ આપવાની જાહેરાત કરી છે. પરંતુ હજુ સુધી ભારતની આ ટ્રીક કોઈ કરી શકયું નથી ભારતનાં

(અનુસંધાન પાન ૩ કોલમ-૧)

## 'કારણ કે, હું મા છું'

લંડનની બાદશાહી હોસ્પિટલમાં વિક્ટોરિયાની લાડકી દીકરી રાજકુમારી એલિસનો રાજકુમાર અત્યંત માંદગીમાં પટકાયો હતો લંડનના ખ્યાતનામ ડોકટરોએ ખૂબ ઝીણવટથી કુમારને તપાસ્યો અને નિવેદન બહાર પાડ્યું કે-"કુમારને હૃદયમાં રસી થાય છે તેથી મુખમાંથી પ્રાણઘાતક શ્વાસ નીકળે છે, બચવાની શકયતા ખૂબ ઓછી છે, સાથે સાથે તેના પ્રાણઘાતક વાયુઓ બીજાનો પણ ભોગ લઈ શકે તેમ છે" તેના રોગથી ગભરાઈને કોઇ તેની નજીક બેસવા તૈયાર થતુ ન હતુ. **મોતના મુખમાં હાથે કરીને પ્રવેશે પણ કોણ ?**

રાજકુમારી એલીસથી આ સહન ન થયું, તે અમીર હતી પણ "**મમતા**" નામના ત્રણ અક્ષરો ભેદભાવ નથી જોતાં તેવી જ રીતે પોતાનો પ્રાણપ્યારો દીકરો ગંભીર માંદગીમાં પટકાયો હોય અને પથારીમાં બેઠો બેઠો મૂંઝાતો હોય ત મમતાળુ માથી કેમ ખમાય ?

અને પ્રાણની પણ પરવા છોડીને એલિસ કુમારની શૈયામા જઈ બેઠી. કુમારનું માથુ ખોળામાં લઈ પ્રેમથી પૂછયું "બેટા ! કેમ છે હવે ?"

"મમ્મી ! તું આવી ગઈ ?" માને પાસે જોઇને કુમારનું મુખકમળ ખીલી ઊઠયું. માતાના સાનિધ્યમાં કુમાર પોતાનું અડધું દુઃખ વીસરી ગયો. માતાનો મમતાભર્યો હાથ કુમારના અંગે અંગ પર ફરી રહ્યો હતો. માતાનો હાથ ફરતો ફરતો કુમારના ગાલ ઉપર પડયો માતાના સ્નેહ સરિતામાં સ્નાન કરતો કુમાર ગેલમા આવી ગયો અને બોલ્યો, "મમ્મી ! મને બચ્ચી કરને ! ચૂમી ભર્યે તને કેટલા દિવસ થયા ?

રાજકુમારના પ્રેમભર્યા શબ્દો સાંભળીને રાજકુમારી એલીસે આંચકો અનુભવ્યો. એક બાજુ પુત્ર તરફથી પ્રેમની યાચના અને બીજી તરફ મોતનો ભયાનક પંજો

આખરે તો એલિસ એક માતા જ હતી ને ! માતાનું હૃદય માતૃપ્રેમથી ઝણઝણી ઊઠયું માતૃહૃદયની ગિરિકંદરામાંથી વાત્સલ્યનું ઝરણું જોશભેર વહી ગયું, અને હૈયાનાં હેતથી કુમારને તેણે ચુંબનોથી નવડાવી દીધો; અને થોડા જ સમયમાં તે પણ મૃત્યુના બિછાને પટકાઈ.

ડોકટરોએ રાજકુમારીને પૂછયું, "તમે આટલા સમજુ હોવા છતાં આમ કેમ બન્યું ?" ત્યારે છેલ્લા શ્વાસ લેતા લેતા એલિસે કહ્યું, "કારણ કે હું મા છું", અને એલિસે સંતોષનો શ્વાસ લેતાં દેહ છોડયો. આજે પણ લંડનના બાદશાહી સ્મશાનમાં રાજકુમારી એલીસની કબર હયાત છે, અને કબર ઉપર લખ્યું છે

"કારણ કે હું મા છું"

સંકલન : નીલુ દવે

## ધીરજની મૂંઝવણ

"ધીરજ, નાસ્તો લીધો? ડબ્બો તૈયાર છે. કેટલી વાર કહુ છું પણ યાદ રાખીને ડબ્બો લેતો જ નથી ને!"

'મમ્મી, મારે નાસ્તો નથી લઈ જવો" "કેમ ? રિસેસમાં ભૂખ લાગશે તો કોની પાસે માંગીશ? નાસ્તો લઈ ગયાં વીના તે કંઇ ચાલે? લે, મૂકી દે ડબ્બો."

"ના મમ્મી, હું આવો નાસ્તો નહી લઈ જાઉં."

"આવો એટલે ?"

"આવો, ભાખરીને શાક ને ચોપડાને શાક જેવો નાસ્તો હું નહી લઇ જાઉં"

"એનાથી જ તો પેટ ભરાય બેટા! તું સમજતો કેમ નથી ધીરજ? તળેલા નાસ્તાથી તો તમને શું પોષણ મળે? ને પુરૂં પેટ પણ ન ભરાય ને પેટ પણ બગડે.

"ના મમ્મી, મને તો એવો જ નાસ્તો જોઈએ છે. આવો નાસ્તો લઇને જાઉં છુ તો પેલા શ્રીપાલ ને અમીત તો મારી મશ્કરી કરે છે મને શરમ આવે છે આવો નાસ્તો હું નહી લઇ જાઊં. પછી બધાં જ મને ચીડવે છે બીજા બધાં તો કેવો નાસ્તો લાવે છે તને ખબર છે મમ્મી? કોઇ તો વળી ચણાચોરગરમ લાવે તો વળી કોઇ સેવ, કોઇ સક્કરપારા, મમ્મી, મને પણ એવો જ નાસ્તો જોઈએ છે. નહી તો હું નાસ્તો નહીં લઇ જાઉં.

"તો રહેજે ભૂખ્યો મારે શું ! હવે આજે તો હું કયાંથી તરત એવું બનાવું? કાલે બનાવી આપીશ બસ બેટા!"

"તો મમ્મી કાલે હું નાસ્તો લઇ જઈશ બસ! આજે હું નહીં લઈ જાઉં" ને કહેતા જ ધીરજ સ્કુલે જવા નીકળ્યો, ત્યાંજ સુધાબેને બૂમ પાડી "ધીરજ, જો આમ આવ, લે આ બે રૂપિયા, તારા બેનને કહેજે, પટાવાળા પાસે રિસેસમાં તને બિસ્કીટનું પેકેટ મંગાવી આપે બસ?" ને ધીરજ ખુશ થતો એ બે રૂપિયા ખિસ્સામાં મૂકી સ્કુલે જવા ઉપડયો.

સ્કુલમાં જઈ તેણે તેનાં વર્ગશિક્ષકને રૂપિયા આપતાં કહ્યું, "બેન મને મારી મમ્મીએ આમાંથી બિસ્કીટ મંગાવી આપવા કહ્યું છે, લો આ પૈસા."

પણ કમનસીબે બન્યું એવું કે એજ દિવસે માંદગીને કારણે બે ત્રણ પટાવાળા ગેરહાજર હતાં અને ધીરજ માટે બિસ્કીટ મંગાવી શકાય તેવી વ્યવસ્થા ન કરી શકાઈ.

રીસેસ પડતાં જ ધીરજ હોંશભેર બેન પાસે બિસ્કીટ લેવા પહોંચી ગયો પણ નિરાશ થઈ પાછો ફર્યો ને ઓટલાનાં એક ખૂણે ઊભો ઊભો નાસ્તો કરતાં બાળકોને જોતાં જોતાં મનમાં અનેક વિચારોનાં વમળોમાં ઘૂમરાવા લાગ્યો. "આના કરતાં મમ્મીએ આપેલ ડબ્બોજ લાવ્યો હોત તો?

ના, તો તો મમ્મી કદીય સારો ચટાકેદાર નાસ્તો કરી આપત જ નહીં, ને પછી આ ભાઇબંધોય મારી મશ્કરી ન કરે!, ને રોજ રોજ તો એવું કોણ સાંભળે? પેલા કિરણનો ડબ્બો તો મારી બાજુમાં જ પાટલી પર પડયો હતો, તેની મમ્મીએ તો ડબ્બામાં કેવા સરસ બિસ્કીટ મૂકયાં હતાં! મને તો મોંમા પાણી આવી ગયું. આટલા બધાં બિસ્કીટમાંથી એકાદ બે મેં તે રિસેસમાં પાણી પીવા ગયો ત્યારે લીધાં હોત તો શું ખબર પડવાની હતી? ના પણ એવું તે કંઇ થાય? કોઇ જોઇ જાય તો! પકડાઈએ તો તો પછી સૌ આંગળી જ ચીંધેને!".

ધીરજનાં બાલમાનસમાં ઉદ્‌ભવેલ આ વંટોળ અને ભૂખ્યું પેટ, ધીરજ માટે રિસેસ પછીના સમયમાં વર્ગમાં ધ્યાન આપવું અશકય બની ગયું હતું.

શાળામાં આવા કેટલાય ધીરજ રોજે રોજ આવા મનોમંથન અનુભવતાં હશે. અને તેથીય વધુ આશ્ચર્ય તો એ વાતથી થાય છે કે વિદ્યાર્થી લગભગ સાતમા ધોરણમાં આવે ત્યારથી તે માને છે, તે મોટો થઇ ગયો, હવે તેનાથી નાસ્તો ન લઈ જવાય, કયારેક તે એમ પણ માને છે કે એમ રીસસ નાસ્તામાં બગાડી દઇએ તો રમીએ કયારે?

આજના વિદ્યાર્થીને મન તેનો આનંદ, તેની પ્રતિષ્ઠા, જીભનો સ્વાદ, એ બધું જ તેના આરોગ્ય કરતાં વધુ મહત્વનાં બની ગયાં છે. નાસ્તો કરવાથી કામ કર્યા પછી શરીર સ્ફુર્તિ અનુભવી ફરી અભ્યાસ કરવાની શક્તિ મેળવે છે. અને વળી મિત્રો સાથે નાસ્તો કરતાં કરતાં હળવા દિલે વાતો કરતાં મન કેટલું હલકુફૂલ બની બધોજ થાક હળવો થઈ જાય છે એ વિચાર તો આજના વિદ્યાર્થીને કદાચ ભાગ્યે જ આવે છે. વિદ્યાર્થીને આને માટે સજાગ કરવાની શું આપણી ફરજ નથી? સાધનસંપન્ન વાલીઓ તરફથી જો સાદો અને પૌષ્ટિક નાસ્તાનો આગ્રહ રાખવાની એક વાર શરૂઆત થશે તો તેને કારણે બધાં જ બાળકોમાં એવા નાસ્તાનો સંકોચ દૂર થશે ને સાથે સાથે નાનપણથી સારા સ્વાસ્થ્યનાં બીજ રોપાશે. આ તબકકે આપણી આ એક મહત્વની ફરજ છે.

ઊર્મિલા શાહ

(અનુસંધાન પાનું ૧ કોલમ ૨ જાદુકલા)

મહાન જાદુગર કે લાલે દસ વર્ષની ઉંમરે શાળામાં જાદુનો એક પ્રયોગ બતાવી સહુને હેરત પમાડી ખુશ કર્યા હતાં, એ એમની શરૂઆત, ત્યાર પછી પચીસેક વર્ષ સુધી સાધના કરી અને ૧૯૬૧માં ધંધાદારી જાદુગર તરીકે તેઓ બહાર આવ્યા. કે. લાલને ઘણા જુદા જુદા ખિતાબો મળ્યા છે.

કે. લાલના પુત્ર જુનિયર કે લાલ પણ જાદુના ખેલ કરે છે. તેઓ છ છ વખત જાપાન જઇ આવ્યા છે. ટોકિયોમાં એક જ સ્થળે ૧૩૫ શો કરીને તેમણે એક નવો વિક્રમ સર્જ્યો છે. જાપાનીઓએ એમને 'સુપરસ્ટાર'નો ઈલ્કાબ આપ્યો છે.

જાદુકલાની પરંપરા કે. લાલ અને એ પછી જુનીયર કે. લાલના નામ સાથે સદાય જીવતી અને ઝળહળતી રહેશે.

**નિરવ દેસાઈ ૮ અ**

# સંસ્થાકીય સમાચાર

તા. ૨૭–૬–૮૭ને શનીવારનાં રોજ તાલીમના મંડળીના બાળકોએ વાસણા ડેમના પ્રવાસની મજા માણી

શિશુમંદિરની બહેનોએ ગૌરીવ્રત નિમિત્તે જવારા વાવ્યાં અને ધોરણ ૧ થી ૪ ની બહેનોએ પાંચેય દિવસ સુધી ગરબાની રમઝટ જમાવી.

તા ૧૦–૭–૮૭નાં રોજ જાણીતા ક્રિકેટર **શ્રી સુનીલ ગાવસ્કરની જન્મ જયંતિ** નિમિત્તે તથા તા.૨૩–૭–૮૭નાં **લોકમાન્ય ટિલક** વિષે બાળકોએ વક્તવ્યો રજૂ કર્યા.

વિનયમંદિરનાં ધો. ૮ અને ૯ નાં વિદ્યાર્થીઓ સમક્ષ તા. ૮–૭–૮૭નાં રોજ ગુજરાતીના પ્રાધ્યાપક **શ્રી શશિકાંતભાઈ યાજ્ઞિકે 'જીવન વિકાસ'** વિષય ઉપર વાર્તાલાપ આપ્યો.

શાળાનું ધોરણ ૧૦માનું પરિણામ ૯૦%, બારમાનું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૫% અને સામાન્ય પ્રવાહનું ૮૬% આવ્યું છે.

**ચૂંટણી** :– તા. ૪–૭–૮૭નાં રોજ શિશુમંદિર વિભાગની ચૂંટણી યોજાઇ જેનાં નીચે મુજબ વિદ્યાર્થી ભાઈ બહેનો ચૂંટાઇને આવ્યા.

**ધોરણ ૧ થી ૪**

| | | |
|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | નિરલ પટેલ ૪ ક |
| | ઉપમંત્રી | કુણાલ મુન્શા ૪ ક |
| બહેનો | મહામંત્રી | વિરાજ શાહ ૪ ક |
| | ઉપમંત્રી | કોશાની સુતરીયા ૪ ક |

**ધોરણ ૫ થી ૭**

| | | |
|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | અલકેશ વસાવડા ૭ ક |
| | ઉપમંત્રી | ધનંજય શાહ ૭ બ |
| બહેનો | મહામંત્રી | સજની દલાલ ૭ અ |
| | ઉપમંત્રી | સિરાલી મુન્શી ૭ અ |

**વિનયમંદિર ધો. ૮, ૯**

| | | |
|---|---|---|
| ભાઇઓ | મહામંત્રી | આલાપ શાહ ૯ બ |
| | ઉપમંત્રી | શૈશવ ભગત ૯ અ |
| બહેનો | મહામંત્રી | સમીપા શાહ ૯ અ |
| | ઉપમંત્રી | અનાર મહોરોવાલા ૯ બ |

ઇતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ભાઇબહેનોની ગૃહનેતા તથા ઉપનેતા તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

**શિશુમંદિર**

| | | | |
|---|---|---|---|
| રત્નદીપ | ભાઇઓ | નેતા | સૌમિલ વ્યાસ |
| | | ઉપનેતા | નિત્ય શાહ |
| | બહેનો | નેતા | રાની દવે |
| | | ઉપનેતા | શૈલી શાહ |

**ધવલગિરિ ભાઇઓ** નેતા નંદીશ ઝવેરી
ઉપનેતા દેવાંગ પરીખ
**બહેનો** નેતા પૂજા પોઠીવાલા
ઉપનેતા અનાર કઠીયારા

**મેઘનાદ ભાઇઓ** નેતા નિશિથ ચૂડાસમા
ઉપનેતા મનન શાહ
**બહેનો** નેતા રીતુ પટેલ
ઉપનેતા નિરાલી શાહ

**ગંગોત્રી ભાઇઓ** નેતા પ્રશાંત ઠક્કર
ઉપનેતા પાવન પરીખ
**બહેનો** નેતા રચના પટેલ
ઉપનેતા મેઘના વોરા

**વિનયમંદિર**

**મેઘદૂત ભાઇઓ** નેતા પ્રતિક શાહ
ઉપનેતા જીજ્ઞેશ શાહ
**બહેનો** નેતા રુચિ શાહ
ઉપનેતા મમતા પટેલ

**પદ્મપુકુર ભાઇઓ** નેતા ઉમંગ સતીયા
ઉપનેતા નીલેશ ભટ્ટ
**બહેનો** નેતા પાયલ શાહ
ઉપનેતા રૂપા શાહ

**ગીતગોવિંદ ભાઇઓ** નેતા દર્શન શાહ
ઉપનેતા સમીન શાહ
**બહેનો** નેતા સેજલ શાહ
ઉપનેતા અનાર શાહ

**ચંદ્રમૌલિ ભાઇઓ** નેતા કલ્પેશ પટેલ
ઉપનેતા સમીર વોલ્ટર
**બહેનો** નેતા શ્રદ્ધા દેસાઈ
ઉપનેતા ચિનાર ઠાકોર

**અભિનંદન**

શારદામંદિર શિશુમંદિરના નીચેના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા બદલ અભિનંદન.

[૧] ગોદાની હિરલ ધોરણ ૫ અ
[૨] ચોકસી અંકિતા ધો. ૫ અ
[૩] પટેલ ચિન્મય ધો. ૫ બ

**ધોરણ ૮ અ ના કુ. રાધિ ધૂળધોયાને ૨૮ મા world schood childrens' art exhibitionમાં ૧૯૮૬ કોરીયા ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધા ઇનામ મેળવવા બદલ અભિનંદન.**

**'સોવિયેત વુમન'** તરફથી યોજાતી **આંતરરાષ્ટ્રીય બાલચિત્ર સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક** પ્રાપ્ત કરી છ દિવસ માટે માતા અથવા પિતા સાથે મોસ્કો જવા માટેનું આમંત્રણ મેળવવા બદલ **ચિ. નિસર્ગ સુતરીયા (૫ અ)** ને અભિનંદન.

ગુજરાત બાયોસાયન્સ સોસાયટી તરફથી પ્રતિવર્ષ યોજાતી વકતૃત્વ સ્પર્ધામાં **કુ રુચા વ્યાસ (ધો. ૮) ને પ્રથમ ઇનામ** મેળવવા બદલ અભિનંદન.

ધી ગુજરાત સ્પોર્ટ્સ કલબ તરફથી યોજાયેલ તરણ સ્પર્ધામાં અંકુર રાજુભાઈ શાહ (ધો. ૬) ને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરી બે મેડલ અને કપ મેળવવા બદલ અભિનંદન, ચિ. અનુજ રાજુભાઈ શાહ (ધો ૪) ને ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવવા બદલ અભિનંદન

અમદાવાદ ડીસ્ટ્રીકટ રીન્ક રેસમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કરવા બદલ ચિ. અંકુર રાજુભાઈ શાહ (ધો. ૬)ને અભિનંદન.

કલગી કિરણ શાહ (ધો. ૩ અ) ને સ્વિમીંગમાં ત્રીજા આવીને બ્રોન્ઝ મેડલ મેળવવા બદલ તથા સંગીતની પ્રારંભિક પરીક્ષામાં પ્રથમ આવવા બદલ અભિનંદન.

કોશા કિરણ શાહ (૨ બ) ને સ્વિમીંગમાં દ્વિતિય આવી રૌપ્યચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

સિટી ચેસ એસોસીએશનનાં ઉપક્રમે ઓપન અમદાવાદ મહિલા ચેસ સ્પર્ધામાં કુમારી ઝીલ મહેતા (૩ અ) ને આશ્વાસન ઇનામ મેળવવા બદલ અભિનંદન.

ચાંદની પટવા (૮ બ) એ સ્કેટીંગમાં સ્વ ઈન્દર મોહનસીંગ મેમોરિયલ ચેમ્પીયનશીપ મેળવેલ છે. અને રોલર સ્કેટીંગ ફેડરેશન ઓફ ઇન્ડીયા અને રોલર સ્કેટીંગ એસોસિયેશન ઓફ દિલ્હી ગ્રુપ તરફથી નીચે પ્રમાણે ચંદ્રકો અને ટ્રોફી મેળવવા બદલ અભિનંદન.

ફ્રીસ્ટાઇલ સુવર્ણચંદ્રક ટ્રોફી
પેર સ્કેટીંગ સુવર્ણચંદ્રક અને ટ્રોફી
ફીગર સ્કેટીંગ રૌપ્ય ચંદ્રક
સ્પીડ સ્કેટીંગ બે કાંસ્ય ચંદ્રકો

શકર્સ આંતરરાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં કોમલ બોડીવાલા (૬ અ) તથા નેહલ શાહ (૩ અ) ને રૌપ્યચંદ્રકો મેળવવા બદલ અભિનંદન Baltoni Ottorvdros હંગેરીના મેગેઝીન તરફથી યોજાતી બાલચિત્ર સ્પર્ધામાં કુ. કોમલ બોડીવાલા તથા કુ. રાધિ ધૂળધોયાને સર્ટીફીકેટ મેળવવા બદલ અભિનંદન.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઈ દ. દવે આચાર્ય અને નિયામક શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭.